**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

નં. એબી/સીમે-૧-૨/૨૦૧૬-૧૭/ફા.નં.૭૯ (૪)/૩૫ તા. ૨૫/૨/૧૭

<u>પ રિ પ ત્ર :-</u>

વિષય :- **વડી કચેરીને ફંડની માંગણી મોકલતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ**

ઉપરોકત વિષય પરત્વે અત્રેના ધ્યાન પર આવ્યા મુજબ ઝોન કચેરીઓ દ્વારા ફંડ ફાળવણી કમિટિ સમક્ષ રજુ કરવામાં આવતી ફંડ માંગણીની વિગતો અસ્પષ્ટ, અપૂરતી માહિતી સાથેની તથા અનેક પ્રકારની વિસંગતતા ધરાવતી હોય છે. આના પરિણામે ફંડ ફાળવણીમાં સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે અત્રે મોકલવામાં આવતી ફંડની માંગણી તૈયાર કરતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) ફંડ માંગણી સ્પષ્ટ અને પૂરતી વિગતો સહ મોકલવાની રહેશે.

(૨) મંજુર થયેલ એકશન પ્લાનની જોગવાઇ કરતાં ખર્ચ વધી જતો હોય તો તેનાં વિગતવાર કારણો આપવાનાં રહેશે. ઉપરાંત આવા કીસ્સામાં પ્રથમ રીવાઇઝડ એકશન પ્લાન મંજુર કરાવવાનો રહેશે.આ પ્રકારની પરિસ્થિતિ નિવારવા દર મહિને કાર્યપાલક ઇજનેરશ્રી સ્તરે એકશન પ્લાનની જોગવાઇ તથા તે સામે થતા ખર્ચની સમીક્ષા થવી જરૂરી છે. એકશન પ્લાનની જોગવાઇ ચોકકસ થાય તે માટે તમામ સ્તરે ગંભીરતા રાખવી જરૂરી છે.

(3) બોર્ડ દ્વારા ફંડ ફાળવવામાં આવેલ ન હોવા છતાં જો ખર્ચ કરવામાં આવેલ હોય તો આવો ખર્ચ કયા ફંડમાંથી અને કોની મંજુરીથી કરવામાં આવેલ છે તેની વિગતો આપવાની રહેશે. આ માટે કાર્યપાલક ઇજનેરશ્રીની તથા ઉપાડ અધિકારી તરીકે અધિક્ષક ઇજનેરશ્રીની જવાબદારી રહેશે.

(૪) મંજુર થયેલ એકશન પ્લાન, તેની સામે મળેલ ફંડ તથા થયેલ ખર્ચનું મુખ્ય ઇજનેરશ્રીઓ દ્વારા નિયમિત પ્રતિમાસ મોનીટરીંગ કરવાનું રહેશે. વડી કચેરી કક્ષાએ મુખ્ય ઇજનેરશ્રી (મોની/પ્લાં) દ્વારા સભ્ય સચિવશ્રી સમક્ષ પ્રતિમાસ સમગ્રતયા મોનીટરીંગ રજૂ કરવાનું રહેશે.

(૫) મરામત અને નિભાવણીનાં કામોમાં એજન્સી દ્વારા ટેન્ડર જોગવાઇ મુજબનો મેનપાવર, ટેકનીકલ સ્ટાફ, પેટ્રોલીંગ સ્ટાફ કે વાહન પૂરા પાડવામાં આવતા નથી તેવી રજૂઆતો મળેલ છે. આથી ટેન્ડરની જોગવાઇઓનો અભ્યાસ કરી સંપૂર્ણપણે અમલ થવો જરૂરી છે. પંપીગ સ્ટેશન/ફિલ્ટર પ્લાન્ટની સ્વચ્છતા જળવાતી નથી, સમયસર સ્પેરપાર્ટસ બદલવામાં આવતા નથી કે રીપેરીંગ હાથ ધરવામાં આવતુ નથી તેવી પુષ્કળ રજુઆતો મળેલ છે. પંપીગ સ્ટેશનની અંદર- બહારના તથા કમ્પાઉન્ડ સાફ સફાઇનાં ફોટોગ્રાફ ઝોન કક્ષાએ રજૂ થયેલ હોય તેવા કામો માટે જ ફંડ માંગણી કરવાની રહેશે. જે પંપીગ સ્ટેશનોની વિગતોનાં ડેટા વડી કચેરીનાં કન્ટ્રોલરૂમમાં દૈનિક પણે નોંધાય તેના જ મરામત અને નિભાવણી માટે મુખ્ય ઇજનેરશ્રીએ ફંડ માંગણી કરવાની રહેશે.

(૬) મરામત અને નિભાવણી એજન્સી દ્વારા પાઇપ લાઇનોનું પેટ્રોલીંગ કરવાનું હોય છે. આ માટે સબંધિત ના.કા.ઇ.શ્રી/કા.ઇ.શ્રી દ્વારા મોનીટરીંગ કરવાનું રહેશે. એર વાલ્વમાંથી ચોરી કે લીકેજના સંજોગોમાં ટેન્ડર જોગવાઇ મુજબ એજન્સી પાસેથી વસુલાત કરવાની રહેશે.

(૭) સરદાર સરોવર નર્મદા નિગમ લી./જળસંપત્તિ વિભાગનાં પાણીના બીલો, વિજળી બીલ, સરકારી વેરા જેવા સરકારી ખાતાઓને ચૂકવણીના હેતુસર ફાળવવામાં આવતા નાણાંનો તે જ હેતુસર ઉપયોગ કરવાનો રહેશે. આ નાણાંનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

(૮) મીસ કલાસીફીકેશન અને મીસ એપ્રોપ્રીએશન થયેલ ખર્ચનું યોગ્ય રીતે વર્ગીકરણ (classification) અને વિનિયોગ (appropriation) થાય તે માટે ઝોન કક્ષાએ ઝુંબેશ ચલાવી આ કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે. ઉપરાંત, પ્રતિમાસ આવા કિસ્સાઓની સમીક્ષા કરી, તેની હિસાબોમાં સાચી રીતે અસર આપવાની રહેશે જેથી બોર્ડના હિસાબો સમયસર તૈયાર થઇ શકે.

(૯) જે કામોમાં તકેદારી આયોગની નીરિક્ષણ નોંધની પૂર્તતા બાકી રહેલ તેવા કામોના ચૂકવણા માટે ફંડની માંગણી કરવી નહી.

(૧૦) જે કામોની સુધારેલ વહીવટી મંજુરી, સમય મર્યાદા પૂર્ણ થયેલ હોવા છતાં દરખાસ્ત રજૂ થયેલ ન હોય તેમ છતાં L.D. ની પણ કોઇ જાતની કપાત કરાયેલ ન હોય તેવી અનિયમિતતાઓ અટકાવવી.

(૧૧) જે કામોનાં એકસેસ/સેવિંગ્સ/એકસ્ટ્રા આઇટમની મંજુરી મળેલ ન હોય કે દરખાસ્ત પ્રણ કરેલ ન હોય તેવા કામોના ચૂકવણા કરી દેવાની પ્રથા બંધ કરવા સુચના આપવામાં આવે છે.

(૧૨) કોઇપણ નાણાંકીય/તાંત્રિક/કોન્ટ્રાએકચ્યુઅલ દરખાસ્તો સક્ષમ સ્તરે સમયસર મંજુરી માટે રજૂ કરવી, જરૂરી પૂર્તતાઓ કરી, મંજુરી મેળવવી તે કા.ઇ.શ્રીની અતિ અગત્યની જવાબદારી છે. જે નિભાવવા પુનઃ સુચના આપવામાં આવે છે.

આ પરિપત્રની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરીને જ ફંડ માંગણી કરવા જણાવવામાં આવે છે.

(તુષાર ધોળકિયા)
સભ્ય સચિવ

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧ વડોદરા/ઝોન-૨ અમદાવાદ/
ઝોન-૩ રાજકોટ/ઝોન-૪ ભુજ/ઝોન-૫ જુનાગઢ

(૨) નિયામકશ્રી, જીજેટીઆઇ, ગાંધીનગર.

(૩) કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.સ્ટોર વિભાગ

<u>નકલ રવાના</u>

- મુખ્ય ઇજનેરશ્રી (મોની/પ્લાં) ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) સર્વે /નાયબ મેનેજરશ્રી (ના/હિ) સર્વે